# શહેરમાં વરસાદની જમાવટ

## મોડી સાંજે જોરદાર વરસાદ પડતા ગાંધીનગરમાં ભારે આનંદ : છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૧૮ મી.મી. વરસાદ નોંધાયો : ઠેર ઠેર પાણી ભરાયા

ગાંધીનગર, તા. ૨૦

આખરે મોડા મોડા મેઘરાજા ગાંધીનગર પર મહેરબાન થયા છે. છેલ્લા કેટલાય દિવસોથી ગોરંભાયેલા વાદળો આખરે વરસ્યા હતા. ગુરૂવારે સાંજે અને શુક્રવારે સાંજે મેઘરાજાએ ધમાકેદાર બેટીંગ કરી હતી. ઘણા દિવસોથી વરસાદની રાહ જોઈ રહેલા ગાંધીનગરાઓએ વરસાદને ખૂબ આવકાર આપ્યો હતો. ગાંધીનગરમાં છેલ્લા ઘણા દિવસોથી વાદળોની ભારે જમાવટ રહી હતી. હમણાં જ વરસાદ તુટી પડશે એવુ તો ઘણીવાર બન્યુ પરંતુ વાદળો થાપ આપીને વિખેરાઈ જતા હતા. વાદળો વરસવાનુ જ જાણે ભુલી ગયા હતા. છેલ્લા પંદર દિવસથી વાદળોની આવી જ અવરજવર રહી હતી. આખરે શુક્રવારે સાંજે ગાંધીનગરમાં વરસાદ શરૂ થયો હતો. લગભગ એક કલાક જોરદાર વરસાદી ઝાપટુ પડ્યુ હતુ. જોકે વાદળોની જેટલી જમાવટ રહી હતી તેના પ્રમાણમાં વરસાદ પડ્યો ન હતો. એક કલાક સુધી સારો એવો વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ હતી. આકાશમાં ઘેરાયેલા વાદળોએ શુક્રવારે સાંજે આખો દિવસ ઝરમર વરસાદ વરસાવ્યો હતો. જેના કારણે હીલસ્ટેશન જેવુ વાતાવરણ સર્જાયુ હતુ.



શુક્રવારે સાંજે ફરી આકાશમાં જોરદાર વાદળો ઘેરાયા

● અનુસંધાન પાન-૭ પર

# માણસા સિવાયના ત્રણ તાલુકામાં વાવણીલાયક વરસાદ થયો

## વરસાદના આગમનથી ખેડૂતો અને તંત્રએ રાહતનો શ્વાસ લીધો : ખેડૂતો ખેતીમાં વ્યસ્ત બન્યા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના ત્રણ તાલુકામાં વાવણીલાયક વરસાદ થઈ જવા પામ્યો છે. જ્યારે માણસા તાલુકામાં જિલ્લાનો સૌથી ઓછો વરસાદ નોંધાયો છે.

ગાંધીનગર જિલ્લા કંટ્રોલરૂમના જણાવ્યાનુસાર આજ સુધી ચોમાસા દરમ્યાન ગાંધીનગરમાં ૧૫૦ મી.મી., કલોલમાં ૧૨૬ મી.મી., અને દહેગામમાં ૧૮૨ મી.મી. વરસાદ નોંધાયો છે. માણસા તાલુકામાં હજુ સુધી ૬૦ મી.મી. જ વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં છેલ્લા ત્રણેક દિવસથી વરસાદના હળવા અને મધ્યમ ઝાપટા પડી રહ્યા હોવાથી ખેડૂતોએ પણ રાહતનો દમ લીધો છે. જોકે ખેડૂતો વાવણીના કાર્યને ધીમી ગતિએ આગળ વધારી રહ્યા છે.

જિલ્લામાં ચોમાસાના આગમનમાં થયેલ વિલંબને કારણે ખેતીનું કામ ધીમુ પડ્યુ છે. બીજી તરફ હવે જિલ્લામાં ચોમાસુ સક્રિય થયુ હોવાથી તંત્રએ પણ રાહતનો દમ લીધો છે. આગામી દિવસોમાં સારો વરસાદ થશે તેવી આશા પણ અધિકારીઓ વ્યક્ત કરી રહ્યા છે.

માણસામાં આજે વરસાદી ઝાપટા નોંધાયા હતા અને દિવસ દરમ્યાન એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાક દરમ્યાન ગાંધીનગરમાં એક ઈંચ, કલોલમાં બે ઈંચ, માણસામાં એક ઈંચ તેમજ દહેગામમાં અડધો ઈંચ વરસાદ નોંધાયો છે.

વરસાદી માહોલ જિલ્લામાં ઉભો થતાં થયેલ વાવણીને લઈ ખેડૂતોમાં સંતોષ થયો છે. જમીનમાં ભેજ પણ સારો એવો થયો હોવાથી આ સંતોષની લાગણી ઉભી થવા પામી છે. વરસાદના આગમનને પગલે વાતાવરણમાં પણ ઠંડકનો માહોલ જામેલો જોવા મળે છે. ખેડૂતો ખેતરો ખેડી રહ્યા છે.




"ખરૂ ચાલે છે આ સંસદમાં..!!"

"કેમ..?! ચર્ચા ચાલે છે... અવિશ્વાસની દરખાસ્ત પર ઉગ્ર અને આક્રોશભરી ચર્ચા ચાલે છે..! અને એ જ ચાલે ને..?!"

"હા... હા..!! ચર્ચા ચાલે એ સમાચાર નથી... પણ ચર્ચા કરતાં વધારે કંઈક ચાલે છે..!! નાટકબાજી ચાલે છે... નાટકબાજી..!!"

"ઓ હો હો હો..! તમારાવાળા કરે એ સંસ્કૃતિ અને સભ્યતા અને સામેવાળા કંઈક કરે એ નાટકબાજી..! શું નાટક લાગ્યું એ તો કહો..?!"

"અરે જોયું નહિ..! રાહુલ ગાંધીએ લોકસભામાં ઉછળી ઉછળીને પ્રધાનમંત્રી મોદી ઉપર આક્ષેપો કર્યા... આરોપો મુક્યા અને ભાષણ બાદ પી.એમ.ની ખુરશી સુધી જઈ ભેટી પડ્યા..!!"

"હા... તો એમાં ખોટુ શું છે..?! આપણી ભારતીય સંસ્કૃતિની આ ઓળખ છે... વ્યક્તિગત કોઈને કોઈની સામે વાંધો ના હોઈ શકે... પરંતુ સૈદ્ધાંતિક રીતે જરૂર વાંધો-વિરોધ હોઈ શકે..! એમના આક્ષેપો પ્રધાનમંત્રી સામે હતાં... નહિ કે નરેન્દ્ર મોદી સામે..!!"

"અરે વાહ..! સારૂ મૂલ્યાંકન કરો છો..!"

"મૂલ્યાંકનની વાત નથી સાહેબ..! નજરે દેખાય... કાને સંભળાય... અને હૃદયને સ્પર્શે એવી વાત છે... પ્રધાનમંત્રી એમની ખુરશીની જગ્યાએ જો ઉભા થઈને ભેટ્યા હોત તો તેમની ઉંચાઈ આજે જે છે તેનાથી ચાર ગણી થાત..! એમની વિનમ્રતા દેશવાસીઓને સ્પર્શી જાત..!"

"વાહ..! ઉપદેશ આપવામાં તો ક્યાં કોઈ પાછુ જ પડે છે..! બોલવું સહેલું છે આચરણ કરવું અઘરૂ છે..! પણ..!!"

"... પણ શું..?! જોયું નહિં... રાહુલે કહ્યું કે મને પપ્પુ કહો... કંઈ પણ કહો... અપશબ્દો બોલો... પણ મારા મનમાં કોઈના માટે ક્યારેય દુર્ભાવ થયો નથી ને થશે નહિ..!"

"એટલે કથા હતી, કે પ્રવચન હતું..?! કે કોઈની લખેલી સ્ક્રીપ્ટ હતી..?!"

"હા..! તમને તો હવે એવું જ લાગશે ને..?! અનુભવ અને અભ્યાસ જેમ-જેમ વધશે તેમ પ્રવચન જામશે..! અને એટલે જ પ્રધાનમંત્રી પણ રાહુલને પ્રવચનની કલા વિશે ઘણું બધુ કહે છે..! પણ એનાથી શું..?!"

"અરે મુળ મુદ્દાની વાત ઉપર આવીએ... આ મોદી રાહુલની વાત જવા દો..! સમગ્ર ચર્ચાનો સાર એમ નીકળે છે કે, સત્તા ઉપર આવવા માટે એનડીએએ આપેલા વચનોમાંથી એક પણ વચન પુરૂ થયું નથી..! આ સીધો સાદો આક્ષેપ તમામ વિરોધ પક્ષોએ એકી અવાજે કર્યો છે."

"ખોટી વાત છે..! તમે કહો એટલે માની લેવાનું..?!"

"આજે નહિ માનો તો કાલે માનશો..! હકીકત દેશની સામે છે..! પંદર લાખ કોઈના ખાતામાં જમા થયાં નથી... ૨ કરોડ રોજગારોને રોજગારી મળી નથી..! ખેડૂતોની આવકમાં અંશમાત્ર વધારો થયો નથી..! નોટબંધી અને જીએસટીના પગલે આર્થિક અરાજકતા વધતી જ ગઈ છે..! રૂપિયો રોજ ગબડતો જ જાય છે..! આ અને આવા અનેક તથ્યો ને તારણો બંધ આંખે પણ વાંચી શકાય..! એવા આંખ ફાડીને ઉભા છે..!!"

""ખુબ અભ્યાસ કરો છો..! દેશના પ્રશ્નોનો કે આજના પ્રવચનોનો એ ખબર નથી, પણ જો આટલો રસ આપણે સૌ વિકાસ અને કલ્યાણના કાર્યોમાં લઈશું તો આવતીકાલની તસવીર અને તાસીર બદલાઈને જ રહેશે... ખરૂને..?!"

"હા... સાહેબ... હા..!!"

# જુના સેકટરોમાં કર્મચારીઓ માટે નવા આવાસો બાંધવામાં આવશે

ગાંધીનગર તા ૨૦

શહેરમાં સરકારી આવાસો નવા બાંધવા માટે લાંબા સમયના અંતે પણ સાઈટ નક્કી થઈ શકી નથી. જયારે આ મામલે અગાઉ વર્ષો જુના કંગાળ આવસો તોડી નાંખવામાં આવ્યા બાદ ખાલી જગ્યા માટે પણ સર્વે હાથ ધરાયો હતો. જેના અંતે નવા આવાસો બાંધવાની સાઈટ નક્કી કરવા માર્ગ મકાન વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક તેમજ પ્રેઝન્ટેશન પણ કરી દેવાયુ છે. કર્મચારીઓ માટેના આ નવા આવાસોના નિર્માણ માટે સચિવાલય નજીકની સાઈટ નક્કી કરવામાં આવશે. જેમાં સે-૧૬, ૧૭,૨૨ અને સે-૨૦ માં પણ નવા આવાસો બાંધવા માટે આયોજન કરવામાં આવે તેવી સંભાવના છે. આગામી સપ્તાહમાં ટાવર કોલોની માટે જગ્યા નિયત કરી દેવાશે.

**સેકટરોમાં ખાલી જગ્યા અંગે સર્વે હાથ ધરાયા બાદ પ્રેઝન્ટેશન કરી દેવાયુ : ટુંકમાં સાઇટ નક્કી કરાશે**

શહેરના સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો વર્ષોના અંતે કંગાળ બન્યા છે. જયારે સમય જતા હવે મોટાભાગના મકાનો રહેણાંકને લાયક ન હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે આવા સંજોગોમાં જુના અને જોખમી આવાસો તોડીને નવા આવાસો બાંધવા માટે તબક્કાવાર કામ હાથ ધરવામાં આવે છે. અગાઉ શહેરના સે-૭ અને સે-૨૯ તેમજ સે-૩૦ માં નવા આવાસો બાંધવામાં આવ્યા છે. જયારે હજુ પણ જુના આવાસો તોડવાનુ કામ ચાલુ છે. જયારે નવા આવાસો બાંધવા માટે પણ કરોડોના ખર્ચનુ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ખરીફ ઋતુનું વાવેતર છેલ્લા બે વર્ષની તુલનામાં ઘટ્યું

## ચોમાસામાં વિલંબ પણ જવાબદાર કારણ : જોકે વાવેતર સરેરાશ મુજબનું જ થશે તેવો તંત્રને આશાવાદ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં આ વર્ષે ચોમાસાના આગમનમાં થયેલ વિલંબને પગલે ખરીફ ઋતુના વાવેતર વિસ્તારમાં પણ છેલ્લા બે વર્ષની તુલનામાં ઘટાડો જણાયો છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૫૨૪૦૭ હેક્ટર વિસ્તારમાં વાવણીનું કાર્ય સંપન્ન થયુ છે. જે ૨૦૧૬ની તુલનામાં ત્રણ હજાર હેક્ટર અને ૨૦૧૭ની તુલનામાં ૧૫ હજાર હેક્ટર જેટલુ ઓછુ વાવેતર થયુ છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ડાંગર પિયતનું વાવેતર ૧૮૮૭ હેક્ટરમાં, બાજરીનું ૮૫૦ હેક્ટરમાં, મકાઈનું ૨૦ હેક્ટરમાં, તુવેરનું ૧ હેક્ટરમાં, મગનું ૨૮૫ હેક્ટરમાં, અડદનું ૭૭ હેક્ટરમાં, મગફળીનું ૫૦૦૩ હેક્ટરમાં, તલનું પાંચ હેક્ટરમાં, દિવેલાનું ૫૭ હેક્ટરમાં, કપાસનું ૨૩,૪૭૧ હેક્ટરમાં, શાકભાજીનું ૬૦૮૩ હેક્ટરમાં, ગુવારનું ૧૦૧૧ હેક્ટરમાં અને ઘાસચારાનું ૧૩,૬૫૭ હેક્ટર વિસ્તારમાં વાવેતર

● અનુસંધાન પાન-૭ પર




અંજલિ

આજે પચ્ચીસ વર્ષના વ્હાણા વાયા....
પણ,
તારી સ્મૃતિ હજુ પણ અકબંધ છે...
સંબંધોના સંભારણાનું ભાથુ હજુ પણ યથાવત છે...

દિવ્ય આત્માને ચિર શાંતિ માટે પરમતત્વને પ્રાર્થના....

પરેશ પટેલ
સ્વ. તા. ૨૧-૭-૧૯૯૩

પ્રકાશ લાલા, ઘનશ્યામ પટેલ, નીતિન પટેલ, કૃષ્ણકાન્ત જહા, સંજીવ મહેતા, દિલીપ રાવલ, હિરેન ભટ્ટ, જાગૃતિ ત્રિવેદી

પરેશ પટેલ મેમોરિયલ ટ્રસ્ટ - ગાંધીનગર


# પદવીદાન સમારોહ મોકુફ રહેતા વિદ્યાર્થીઓનો હોબાળો

## અમે ફલાઇટ ટીકીટ - હોટલ બુકીંગનો ખર્ચ કરીને આવ્યા છીએ... વિદ્યાર્થીઓ પસ્તાળ પાડી

ગાંધીનગર તા ૨૦

ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીમાં પ્રધાનમંત્રીના હસ્તે વિદ્યાર્થીઓને પદવીદાન કરવાનો કાર્યક્રમ રદ થયા બાદ અન્ય રાજયોમાંથી આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓએ યુનિવર્સિટીમાં હોબાળો મચાવ્યો હતો. ભારે વરસાદના સંજોગોમાં પ્રધાનમંત્રીનો કાર્યક્રમ રદ થયો હતો. પરંતુ યુનિવર્સિટીમાં કાર્યક્રમને અનુલક્ષી તૈયારીઓ કરી દેવાઈ હતી. જેના લીધે સ્થળ પર પોલીસ પહેરો પણ જોવા મળ્યો હતો. પદવીદાન સમારોહને અનુલક્ષી બહારના રાજયોમાંથી વાલીઓ અને વિદ્યાર્થીઓ ફલાઇટની ટીકીટ અને હોટલ બુકીંગનો ખર્ચ વેઠીને આવી પહોંચ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# રીનોવેશન દરમિયાન ફાળવાયેલ મકાનો ખાલી કરવામાં વિલંબ

## સેકટરોમાં રીનોવેશનના અંતે મકાનો ખાલી ન થતા હોવાનો સુર : સ્થાનિકોને હાલાકી વેઠવી પડતી હોવાનો આક્રોશ

ગાંધીનગર તા ૨૦

શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી કેટલાક મકાનો રીનોવેશન હેઠળ આવરી લેવાયા છે. જયારે આવાસોના રીનોવેશન દરમિયાન રહીશોને વૈકિલ્પક વ્યવસ્થાના ભાગરૂપે ફાળવવામાં આવેલા મકાનો રીનોવેશનના અંતે પણ તંત્ર દ્વારા ખાલી કરવામાં આવતા ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

શહેરમાં સરકારી આવાસો વર્ષોના અંતે ખંડેર બનતા તબક્કાવારા જોખમી આવાસો તોડવામાં આવી રહયા છે. જયારે સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના મકાનો રીનોવેશન હેઠળ પણ આવરી લેવામાં આવે છે. અલબત્ત રીનોવેશન હેઠળના મકાનો ખાલી કરાવી રહીશોને વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે અન્ય આવાસની ફાળવણી કરવામાં આવે છે.પરંતુ આવાસોનુ રીનોવેશન પુર્ણ થયા બાદ પણ અમુક કિસ્સામાં મુળ મકાનના બદલે વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે ફાળવવામાં આવેલ આવાસ ખાલી કરવાનુ પસંદ કરતા ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જેના લીધે અન્ય રહીશોને હાલાકી વેઠવી પડતી હોવાનો કકળાટ પણ ઉઠવા પામ્યો છે. કોઈકારણોસર ફાળવવામાં આવેલા આવાસના બદલે અન્ય ખાલી આવાસની માંગણી કરતા અરજદારોને પણ ન્યાય મળતો નથી. શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી નિકાલ હેઠળના મકાનો તોડવા માટે પ્રકીયા હેઠળ છે.

જયારે અન્ય કેટલાક રહેણાંકને લાયક નથી. જયારે બાકી રહેતા આવાસોમાં રીનોવેશનનુ કામ ચાલી રહયુ છે આ સ્થિતિ વચ્ચે તંત્રના ચોપડે અરજદારોને પણ સેકટરોમાં પસંદગીના ઠેકાણે આવાસ મળતા નથી ત્યારે રીનોવેશન દરમિયાન વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે ફાળવવામાં આવેલા મકાનો પણ તંત્ર દ્વારા ત્વરિત ખાલી ન કરાવાતા કર્મચારીઓની મુશ્કેલીમાં વધારો થયો છે.


અભિનંદન



નરેન્દ્રભાઈ વ્યાસ
પ્રમુખ - સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર - સે.૨૩ શાખા

આપની સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર, સેક્ટર-૨૩ શાખાના પ્રમુખ તરીકે વરણી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન...

લી.

પીનાકીન રાવલ — પ્રમુખ, સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર
નરેશભાઈ દવે — મહામંત્રી, સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર
કનૈયાલાલ પંડ્યા — પૂર્વ પ્રમુખ, સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર
પંકજભાઈ શુક્લ — પૂર્વ પ્રમુખ, સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર
નિશિતભાઈ વ્યાસ — મહામંત્રી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ
રાજુભાઈ પંચોલી — ડીરેક્ટર, ગાંધીનગર દૂધવાપરનારાઓની સહકારી મંડળી લી.
મુંજાલ રાવલ — અગ્રણી, બ્રહ્મસમાજ
જયેશ પંચોલી — અગ્રણી, બ્રહ્મસમાજ



www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



તાત્કાલિક ભાડે/વેચાણથી જોઈએ છે
1-5 BHK ફલેટ/બંગલો/ટેનામેન્ટ/પ્લોટ (Resi./Comm.)
200-5000 ft. ઓફીસ/દુકાન/શો-રૂમ/ગોડાઉન/શેડ
Bank/MNC Family/Bachelor/Hostel માટે ઈન્ફોસીટી, સરગાસણ, કુડાસણ, રાયસણ, રાંદેસણ, વાવોલ, સે.-૧ થી ૩૦, GIDC
THE SPACE ✆93288 01440, 93287 01440
E-mail : npthespace@gmail.com



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com